# Day to Day Current Affairs

## 6. April 2016

### ૧. બિહારમાં સંપૂર્ણ દારુબંધી :

- બિહાર સરકાર દ્વારા સંપૂર્ણ દારૂબંધીની જાહેરાત કરી જે તુરંત લાગુ કરાશે.
- આ સાથે બિહાર સંપૂર્ણ દારૂબંધી લદનાર દેશનું ચોથુ રાજ્ય બન્યુ.
- અગાઉ ગુજરાત, નાગાલેન્ડ, અને મિઝોરમ જેવા રાજ્યો પણ સંપૂર્ણ દારૂબંધી લાદી ચૂક્યા છે.
- 2016-17 વર્ષની શરુઆતામાં બિહાર સરકારે આંશીક દારૂબંધી લાગુ કરી હતી. પરંતુ તેને સારો પ્રતિસાદ મળતા હવે સંપૂર્ણ દારૂબંધી લાગુ કરાઇ છે.
- બિહારના મુખ્યમંત્રી – નિતિનકુમાર

### ૨. સ્ટેન્ડ – અપ ઇન્ડિયા :

- 5 એપ્રિલ 2016ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નોઇડા (ઉત્તરપ્રદેશ) ખાતે સ્ટેન્ડ – અપ ઇન્ડિયા યોજના લોન્ચ કરી.
- આ યોજના અંતર્ગત Sc, ST અને મહિલાઓને બિઝનેસ માટે લોન આપવામાં આવે છે
- લોન 10 લાખથી 100 લાખની મર્યાદામાં આપવામાં આવશે.

### 3. નવા નાનાકિય વર્ષની પ્રથમ દ્વિમાસિક નીતિ :

- ભારતીય રિઝર્વ બેંકે નવા નાણાકિય વર્ષની 2016-2017 વર્ષની પ્રથમ દ્વિમાસિક આર્થિક નાણા નીતિની જાહેરાત કરી.
- જેમા રેપોરેટ 0.25 ઘટાડતા હવે રેપોરેટ ઘટીને 6.5 ટકા થઇ ગયો છે.
- આ નિર્ણયના લોન લીધે હવે કારલોન, હોમલોન અને અન્ય પ્રકારની લોન સસ્તી થશે.
- RBI એ જાન્યુઆરી 2015 થી અત્યાર સુધીમાં રેપોરેટમાં 1.5 ટકાનો ઘટાડો કર્યો છે.
- અત્યારે રેપોરેટ જાન્યુઆરી 2011 પછીના સૌથી નીચલા સ્તરે છે.
- તેમજ નાણાકિય પ્રવાહિતા વધારવા રિવર્સ રેપોરેટ 0.25 ટકા વધારી 6 ટકા કરવામાં આવ્યો.
- કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) 4 ટકાએ યથાવત રાખ્યો છે.
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી ( એમએસએફ) દર 0.75 ટકા ઘટાડી 7 ટકા કરાયો.
- નાણાકિય વર્ષ 2016-17 માં 5 ટકા ફુગાવો રહેવાનો અંદાજ
- નાણાકિય વર્ષ 2016-17માં જીડીપી 7.6 ટકા રહેવાનો અંદાજ
- નાણાકિય વર્ષ 2016-17માં જીદીપી 7.6 ટકા રહેવાનો અંદાજ
- આગામી નાણાકિય નીતિની સમીક્ષા 7 જુને કરવામાં આવશે

### ૪. ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઓટોમેશન ઇન ઇન્ડસ્ટ્રીઝ :

- જુનાગઢ ખાતે પ્રથમ ઉદ્યોગોમા યાંત્રિકીકરણ વિશેની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઇ.
- આ કોન્ફરન્સમાં ઇસરોના ડે.ડાયરેકટર સહિત વૈજ્ઞાનિકોએ હાજરી આપી હતી.
- ઇસરોના ડે.ડાયરેકટર કે.વી.ગોવીંદાએ ચંદ્રયાન -2 બનાવવાની જાહેરાત કરી હતી તેનમજ ચંદ ઉપરની માટીના સેમ્પલ મેળવવા ઇસરો લેન્ડરોવર રોબોટ પણ બનાવશે.

### ૫. ‘ગતિમાન એક્સપ્રેસ’ :

- રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ દેશની સૌથી ઝડપી ટ્રેન ‘ગતિમાન એક્સપ્રેસ’ ને લીલી ઝંડી આપી.
- આ ટ્રેન દિલ્હીથી આગરા વચ્ચે દોડશે.
- ટ્રેનની મહત્તમ સ્પીડ 160 કિમી/કલાક છે.

પ્રશ્નો

૧. ક્યાં રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધી અમલમાં મુકાઇ છે ? બિહાર
૨. બિહાર સંપૂર્ણ દારૂબંધી મુકનાર દેશનુ કેટલામુ રાજ્ય છે? 4
૩. હાલમાં બિહારના મુખ્યમંત્રી કોણ છે ? નિતિશકુમાર
૪. કઇ તારીખે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સ્ટેન્ડ અપ ઇન્ડિયા સ્કિઇમ લૉંચ કરી ? 5 એપ્રિલ 2016
૫.વડાપ્રધાનશ્રીએ સ્ટેન્ડ અપ ઇન્ડિયા સ્કિમ ક્યાંથી લોન્ચ કરી નોઇડા, ઉત્તરપ્રદેશ
૬. 2016-17 વર્ષના પ્રથમ દ્વિમાસીક નાણાનીતિમાં રેપોરેટ કેટલો ઘટાડાયો ? 0.25
૭. 2016-17 વર્ષના પ્રથમ દ્વિમાસિક નાણાનીતિમાં રેપોરેટ કેટલો થયો ? 6.5 ટકા
૮. નાણાકિય વર્ષ 2016-17માં જીડીપી કેટલો રહેવાનો અંદાજ છે ? 7.6 ટકા
૯. નાણાકિય વર્ષ 2016-17માં કેટલા ટકા ફુગાવો રહેવાનો અંદાજ છે ? 5 ટકા
૧૦. ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઓટોમેશન ઇન ઇન્ડસ્ટ્રીઝ ક્યાં યોજાઇ ? જુનાગઢ
૧૧. હાલમાઅં દેશની સૌથી ઝડપી ટ્રેન કઇ છે ? ‘ગતિમાન એક્સપ્રેસ’
૧૨. ‘ગતિમાન એક્સપ્રેસ’ ક્યાં બે શહેરો વચ્ચે દોડશે ? દિલ્હી અને આગ્રા

Vivekanand Academy, Gandhinagar